સગપણના એક દિવસ પહેલાં 28 વર્ષીય મિતાલી પટેલનું મોત થઇ ગયું

સાયણમાં ડમ્પરે યુવતીને કચડી નાંખી

બોક્સ ગટર લાઈનનું કામ ચાલી રહ્યું હોવાથી ઘટના બની

જયેશ પટેલ

સાયણઃ ઓલપાડ- સાયણ રોડ ઉપર પરીઆમાં દેલાડ પાટીયા નજીક દેલાડની સોસાયટીમાં રહેતી ૨૮ વર્ષીય એક આશાસ્પદ યુવતીને ડમ્પરના ચાલકે કચડતાં તેણીનું ઘટના સ્થળે કરૂણ મોત છે.

દેલાડની સાંઈબાબા નગર સોસાયટીના ઘર નં.૧૪ માં સચીન પરમાર પોતાના પરિવાર સાથે રહે છે.તેમની ૨૮ વર્ષીય બહેન મિતાલી સુરત શહેરની સ્કેચર કંપનીમાં એચ.આર તરીકે તરીકે નોકરી કરતી હતી. તે શુક્રવારે મોપેડ નં.(જીજે -૦૫,ટી. વાય-૮૭૦૧) પર નોકરી માટે સાયણથી દેલાડ પાટીયા તરફ જતા રોડ ઉપર કાકા કોમ્પલેક્સની સામેથી પસાર થઈ રહી હતી, ત્યારે સવારે ૮:૧૫ કલાકે હાઈવા ડમ્પર નંઃજીજે-૧૬,એ. વાય-૮૧૫૫ ના અજાણ્યા ચાલકે પૂરઝડપે હંકારી મોપેડને અડફેટે લીધી હતી. જેથી મિતાલી હાઈવા ડમ્પરના ટાયર નીચે કચડાતાં તેણીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે આ અકસ્માત નજરે જોનારા એક રાહદારીએ જણાવ્યું હતું કે, રોડની સાઈડમાં હાલ બોક્ષ ગટર લાઈનનું કામ ચાલી રહ્યું છે. જેથી કોન્ટ્રાક્ટરે રોડની લગોલગ ખાડો ખોદી ત્યાં નજીકમાં જ મેટલ-કપચીનો ઢગલો કર્યો હતો. જે ઢગલા પાસેથી મિતાલી મોપેડ હંકારી પસાર થઈ રહી હતી, ત્યારે સાંકડા રસ્તા પર હાઈવા ડમ્પરના ચાલકે ટક્કર મારી હતી. મોતનો ભોગ બનેલી મિતાલીનું શનિવાર,તા.૧૨ ના રોજ સગપણ નક્કી થનાર હતું.

સાયણ-દેલાડ રોડની ગંભીર સમસ્યા

(1) અકસ્માતનો ભયઃ ડમ્પર ચાલકો દ્વારા ઓવરસ્પીડિંગ અને ગફલતભરી ડ્રાઇવિંગના કારણે નાના વાહનચાલકો અને રાહદારીઓ માટે અકસ્માતનો સતત જોખમ રહે છે.

(2) ઓવરલોડિંગ અને રસ્તાની ખરાબીઃ ક્ષમતા કરતા વધુ રેતી, માટી કે બાંધકામ સામગ્રી ભરીને દોડતા ડમ્પરોને કારણે રોડ તૂટી જાય છે, જેનાથી મોટા ખાડા પડી જાય છે.

(3) ધૂળ અને પ્રદૂષણઃ ખુલ્લા ડમ્પરમાંથી ઊડતી રેતી અને ધૂળના કારણે પાછળ આવતા વાહનચાલકોને દેખાવામાં તકલીફ પડે છે તેમજ શ્વાસ અને આંખની બીમારીઓનો ભય રહે છે.

(4) ટ્રાફિક જામઃ સાંકડા રોડ પર ઓવરટેક કરવાની હોડ અને ભારે વાહનોના સતત આવન-જાવનથી પીક અવર્સ દરમિયાન ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાય છે.

આ પગલાં ભરવા માંગ

- ડમ્પરો માટે સ્પીડ મર્યાદા નક્કી કરી સ્પીડ ગવર્નર અને સીસીટીવી કેમેરા દ્વારા તકેદારી રાખવી.
- આરટીઓ (RTO) અને પોલીસ વિભાગ દ્વારા ઓવરલોડેડ અને ત્રિપાલ વગર દોડતાં ડમ્પરો સામે કડક દંડનીય કામગીરી કરવી.
- શાળા/કોલેજના સમય દરમિયાન કે પિક અવર્સમાં ભારે વાહનોની અવરજવર પર નિયંત્રણ મૂકવું.

રોષે ભરાયેલા લોકોએ સાંજે ચક્કાજામ કર્યો

સરકારી તંત્રની બેદરકારીથી દેલાડની આશાસ્પદ દિકરી ના અકસ્માત મોતથી રોષે ભરાયેલા સ્થાનિક જાગૃત લોકોએ દેલાડના માજી સરપંચ ભાવિન પટેલ, માજી ડેપ્યુટી સરપંચ જેનિશ પટેલ,પરીઆ ગામના સરપંચ અનિરુદ્ધસિંહ સહિત સાયણ સુગરના ડિરેક્ટર ગિરીશ સુરતીની આગેવાનીમાં સાંજે-૬:૦૦ કલાકના સુમારે રોડ ઉપર સરકારી અધિકારીઓની બેદરકારી બદલ હાય..હાય.. ના નારા લગાવી રોડ ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. સૌની માંગણી છે કે,જ્યાં સુધી જવાબદારો ભોગ બનનાર દિકરીના પરિવારજનોને અકસ્માત વળતર ન ચૂકવશે ત્યાં સુધી અમારૂ આંદોલન ચાલુ રહેશે.

સંક્ષિપ્ત સમાચાર

વ્યારામાં વિવિધ પડતર માંગને લઈ બેંક કર્મચારીઓની હડતાળ

વ્યારાઃ અઠવાડિયામાં 5 દિવસ કામ કરવાની મંજૂરી અને પર્ફોર્મન્સ આધારિત ઇન્સેન્ટિવમાં થતા ભેદભાવ દૂર કરવાની માંગ સાથે દેશભરના બેંક કર્મચારીઓ હડતાળ પર ઊતર્યા હતા. તાપી જિલ્લાના વ્યારાના કાનપુરા સ્થિત બેંક ઓફ બરોડા સામે એસબીઆઈ અને બેંક ઓફ બરોડા સહિતની બેંકોના કર્મચારીઓએ ભેગા થઈ સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. છેલ્લાં 10 વર્ષથી કરાતી રજૂઆતો અને 2024માં પ્રક્રિયા પૂર્ણ થઈ હોવા છતાં નીતિ અમલી ન બનતાં કર્મચારીઓમાં ભારે અસંતોષ છે. માંગણીઓ ન સંતોષાય તો આ મહિનાના અંતે ત્રણ દિવસીય હડતાળ અને ઓક્ટોબરમાં અચોક્કસ મુદતની હડતાળ પર જવાની ચીમકી આપવામાં આવી છે.

અંકલેશ્વરમાં ગણેશ વિસર્જન અંતર્ગત બેઠક

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકામાં આગામી ગણેશ ઉત્સવ અને વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય એ માટે મામલતદાર રાજન વસાવાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં જૂની દીવી, નવા બોરભાઠા અને GIDC ખાતે કૃત્રિમ કુંડ તેમજ સુરવાડી તળાવ ખાતે વિસર્જનની સુવિધા ઊભી કરવા આયોજન કરાયું હતું. વિસર્જન યાત્રા માટે ચોક્કસ રૂટ નક્કી કરવા, દબાણો હટાવવા, રસ્તાના ખાડા પૂરવા અને વીજ લાઈનોનું વ્યવસ્થાપન કરવા સૂચના અપાઈ હતી. આ ઉપરાંત વિસર્જન સ્થળોએ પૂરતી લાઈટિંગ, ક્રેન, તરવૈયા, ફાયર બ્રિગેડ અને આરોગ્ય ટીમ તૈનાત રાખવાનો નિર્ણય લેવાયો હતો. બેઠકમાં પોલીસ, નગરપાલિકા, ONGC અને DGVCLના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ચીકદામાં વીજ સમસ્યા મુદ્દે ખેડૂતોનો આક્રોશ

ચીકદાઃ ચીકદા તાલુકાના ખેડૂતોએ રાત્રિના બદલે દિવસ દરમિયાન પૂરતી અને નિયમિત વીજળી આપવાની માંગ સાથે સબ-ડિવિઝન ઓફિસે લેખિત રજૂઆત કરી છે. ખેડૂતોનો આક્ષેપ છે કે હાલ માત્ર ૧થી ૧.૫ કલાક જ વીજળી મળતાં પાકને મોટું નુકસાન થઈ રહ્યું છે. રાત્રે સિંચાઈ કરવી જોખમી હોવાથી દિવસે વીજ પુરવઠો આપવા અને પાવર કટ અંગે SMS/WhatsApp દ્વારા અગાઉથી જાણ કરવા માંગ કરાઈ છે. બારંવારની રજૂઆતો છતાં તંત્ર ધ્યાન ન આપતાં ખેડૂતોએ 3 દિવસમાં ઉકેલ ન આવે તો DGVCL ઓફિસે તાળાંબંધી કરવાની ચીમકી આપી છે.

ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ-ઉપપ્રમુખ વરાયા

સાયણઃ ઓલપાડ-ચોર્યાસી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદે બિનહરીફ વરણી થઈ છે. સાયણ શાખા ખાતે ચૂંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને મળેલી મિટિંગમાં પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ સી.પટેલ (સોંસક) અને ઉપપ્રમુખ તરીકે ઈશ્વરભાઈ પી.પટેલ (વસવારી) બિનહરીફ ચુંટાયા હતા. બંને હોદ્દેદારો કાળાચુડા કડવા પાટીદાર સમાજના હોવાથી સમાજમાં ખુશીનો માહોલ છે. નાણાકીય ગડબડના કથિત કૌભાંડમાં કલમ-૯૩ હેઠળ કાર્યવાહી થતાં પૂર્વ પ્રમુખ જયેશ પટેલ (દેલાડ)નું ફોર્મ રદ થયું હતું. જેના કારણે ૨૦ વર્ષ બાદ સંસ્થામાં નેતૃત્વ પરિવર્તન થવાની સાથે તેમણે સુમુલ ડેરીનું ડિરેક્ટર પદ પણ ગુમાવવું પડ્યું છે.

અંકલેશ્વરમાં શંકાસ્પદ પ્લાસ્ટિક થેલીઓ ઝડપાઈ

અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક કાપોદ્રા પાટિયા પાસે શ્રીજી વિલા રેસિડેન્સીસ્થિત શ્રી ગુરુદેવ એન્ટરપ્રાઇઝના ગોડાઉનમાં ભરૂચ એલસીબીએ દરોડો પાડ્યો હતો. બાતમીના આધારે પોલીસે ગેરકાયદે ખાલી કરાતો ૨૧૩૦ કિલોગ્રામ શંકાસ્પદ કેમિકલયુક્ત પ્લાસ્ટિકનો જથ્થો (કિં.રૂ.૩૪,૦૦૦) અને રૂ.૧૦ લાખનો આઇસર ટેમ્પો મળી કુલ રૂ.૧૦.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે વિજય રામુભાઈ વસાવા (રહે.,સિલુડી) અને માનસિંગ મંગળસિંગ રાજપુરોહિતની અટકાયત કરી અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

જંબુસરમાં સરકારી વકીલ સામે જાતીય સતામણીના આક્ષેપ સાથે ફરિયાદ

ભરૂચઃ જંબુસર કોર્ટમાં ફરજ બજાવતા સરકારી વકીલ હેમંતભાઈ ચૌહાણ સામે ૨૨ વર્ષીય પરિણીતાને લગ્નનું પ્રલોભન આપી જાતીય સતામણી કરવાનો અને પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો ગુનો નોંધાયો છે. એક કેસ સંદર્ભે પરિચયમાં આવેલા વકીલે મહિલાને મેસેજ અને ફોન કરીને પતિથી છૂટાછેડા લઈ પોતાની સાથે લગ્ન કરવા દબાણ કર્યું હતું. આ અંગે મહિલાના પતિએ વિરોધ કરતાં વકીલે ધમકી આપી હતી. પરિણીતાની ફરિયાદના આધારે જંબુસર પોલીસે BNSની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જોકે, સરકારી વકીલે પોતાની સામેના તમામ આક્ષેપો ખોટા અને રાગદ્વેષપૂર્ણ ગણાવ્યા છે.

પલસાણાના બલેશ્વર ગામમાં દેશી તમંચા સાથે એક ઝડપાયો

ઈલ્યાસ શેખ

પલસાણાઃ સુરત ગ્રામ્ય પોલીસની એસ.ઓ.જી. (SOG) શાખાએ બાતમીના આધારે પલસાણાના બલેશ્વર ગામમાં આવેલા ફરહાન પાર્કના એક રૂમમાં છાપો માર્યો હતો. દરોડા દરમિયાન પોલીસે મૂળ ઉત્તર પ્રદેશના ૨૪ વર્ષીય સત્રોહન રામનાથ રાજપૂતને ઝડપી લીધો હતો. રૂમની તલાશી લેતાં અભેરાઈ પરથી રૂ.૧૦,૦૦૦ની કિંમતનો ગેરકાયદે દેશી હાથ બનાવટનો લોખંડનો તમંચો (કટ્ટો) મળી આવ્યો હતો. પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું કે તેણે એક મહિના પહેલા અજાણ્યા ઈસમ પાસેથી શોખ ખાતર આ તમંચો ખરીદ્યો હતો. પલસાણા પોલીસે ગેરકાયદે હથિયાર જપ્ત કરી આરોપી અને હથિયાર વેચનાર અજાણ્યા ઈસમ વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચના પાંચબત્તીમાં ફાયર શો દરમિયાન હોર્ડિંગમાં આગ

ભરૂચઃ ભરૂચ શહેરમાં ગણેશ મહોત્સવના આગમન પહેલાં નીકળેલી શોભાયાત્રા દરમિયાન પાંચબત્તી વિસ્તારમાં યોજાયેલા ફાયર શોમાં હોર્ડિંગમાં આગ ભભૂકી ઊઠતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. સોના જ્યુસ સેન્ટર અને અંબિકા જ્વેલર્સ આવેલી ઇમારતના ઉપરના ભાગે આગ લાગતાં ઘટના સ્થળે દોડધામ મચી ગઈ હતી. આગ લાગ્યાની જાણ થતાં જ ભરૂચ નગરપાલિકાના ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક પાંચબત્તી વિસ્તારમાં પહોંચી ગયો હતો. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

દેદવાસણ નજીક ગેરકાયદે ખેરનાં લાકડાં ભરેલો ટેમ્પો ઝડપાયો

મેહુલ પટેલ

અનાવલઃ મહુવા રેંજના બોરિયા રાઉન્ડની વેલણપુર બીટ વિસ્તારમાં વન વિભાગે ગેરકાયદે લાકડાં વહન સામે કાર્યવાહી કરવામાં આવી છે. વન સંરક્ષક તથા નાયબ વન સંરક્ષકને મળેલી બાતમીના આધારે મહુવા રેંજ ફોરેસ્ટ ઓફિસર અને તેમની ટીમે દેદવાસણથી સાતેમ તરફ જતા માર્ગ પર વોચ ગોઠવી પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. પેટ્રોલિંગ દરમિયાન દેદવાસણ તરફથી આવતા શંકાસ્પદ ટાટા ૪૦૭ ટેમ્પો નં.(GJ-21-T-7 732)ને અટકાવીને તલાશી લેવામાં આવી હતી. તપાસ દરમિયાન ટેમ્પોમાંથી અનામત વૃક્ષ ખેરના ૬૭ નંગ ટુકડા (આશરે ૨.૧૭૯ ઘન મીટર)નો જથ્થો મળી આવ્યો હતો. વન વિભાગના અધિકારીઓએ ડ્રાઇવર પાસે ખેરના લાકડાંના પરવહન માટેના પાસ-પરમિટ માંગતાં તેની પાસે કોઈ કાયદેસરના આધાર-પુરાવા મળી આવ્યા ન હતા. પાસ-પરમિટ ન હોવાથી વન વિભાગે ગેરકાયદે ખેરનાં લાકડાં, ટાટા ટેમ્પો અને ડ્રાઇવરની અટકાયત કરી મુદ્દામાલ ખેડપુર (માંડવી) ખાતેના ખાતાકીય ડેપોમાં જમા કરાવ્યો છે.

Milano MULTIPLEX
બારડોલી
Haiwaan
10:00am, 12:00pm, 04:00pm, 09:00pm
Mirzapur : The Movie
11:00am, 02:00pm, 06:00pm, 10:00pm
Hanuman Ansh
03:00pm, 06:30pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

ભરૂચમાં બેંક કર્મચારીઓની હડતાળઃ બેંકિંગ સેવાઓ ઠપ્પ

ભરૂચઃ ભરૂચ નગરમાં બેંક કર્મચારીઓની હડતાળને કારણે બેંકિંગ વ્યવસ્થા પર નોંધપાત્ર અસર જોવા મળી હતી. વિવિધ પડતર પ્રશ્નો અને માંગણીઓના ઉકેલની માંગ સાથે કર્મચારીઓએ કામકાજથી દૂર રહી વિરોધ કર્યો હતો. સ્ટેશન રોડ પર આવેલી બેંક ઓફ બરોડા ખાતે મોટી સંખ્યામાં બેંક કર્મચારીઓ કાળા વસ્ત્રો પહેરીને ભેગા થયા હતા. કર્મચારીઓએ પોતાની માંગણીઓના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરીને નારાજગી બતાવી હતી. બેંકિંગ ક્ષેત્રમાં 5-ડે બેંકિંગ સહિતની માંગણીઓને લઈને કર્મચારીઓ દ્વારા હડતાળનું આયોજન કરાયું હતું. હડતાળના કારણે બેંકના રોજિંદા કામકાજ તેમજ ગ્રાહકોને મળતી કાઉન્ટર સેવાઓ પર અસર પડી હતી. સ્ટેશન રોડ ખાતે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં કર્મચારીઓએ માંગ ઉકેલવા જણાવ્યું હતું.

ન્યાય ઘરઆંગણેઃ સુરતમાં હાઈકોર્ટ બેન્ચ માટે માંડવીના વકીલોનો રણટંકાર

આદિવાસી અને અંતરિયાળ વિસ્તારના નાગરિકોને ઝડપી અને સસ્તો ન્યાય આપવા માંગ

માંડવીઃ દ.ગુ.ના પક્ષકારો અને વકીલોની સુવિધા અર્થે સુરતમાં હાઈકોર્ટની સરકીટ બેન્ચ શરૂ કરવાની માંગણીને માંડવી તાલુકા વકીલમંડળે સમર્થન આપ્યું છે. માંડવી વકીલ મંડળ રૂમ ખાતે પ્રમુખ પ્રતાપભાઈ શર્મા અને મંત્રી મનીષભાઈ ટેલરના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં સિનિયર એડ્વોકેટ વસંતભાઈ ઘાયલ, પંકજભાઈ ભોજાવાલા, એયુબભાઈ પઠાણ સહિત તમામ સભ્યોએ ઉપસ્થિત રહી લડત આગળ ધપાવવા ઠરાવ પસાર કર્યો હતો.

દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ભરૂચ, નર્મદા, તાપી અને ડાંગ જેવા જિલ્લાઓના નાગરિકોને કામકાજ માટે અમદાવાદ સુધી લાંબી મુસાફરી કરવી પડે છે, જેનાથી સમય અને નાણાંનો વ્યય થાય છે. માંડવી જેવા આદિવાસી અને અંતરિયાળ વિસ્તારથી અમદાવાદનું અંતર ૩૫૦થી ૪૫૦ કિલોમીટર જેટલું હોવાથી ગરીબ ખેતમજૂરો અને પશુપાલકો માટે ન્યાય મેળવવો અત્યંત ખર્ચાળ સાબિત થાય છે.

સુરતમાં બેન્ચ શરૂ થવાથી જરૂરિયાતમંદોને ઘરઆંગણે ઝડપી અને સસ્તો ન્યાય મળશે. માંડવી બાર એસોસિએશને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પ્રતિનિધિઓ સાથે સંકલન સાધી સરકાર તેમજ વડી અદાલતમાં રજૂઆત કરવાનો અને આગામી તમામ આંદોલનાત્મક કાર્યક્રમોમાં પૂર્ણ સહકાર આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

પટેલ

અંકલેશ્વર તાલુકા વકીલમંડળનો હાઇકોર્ટની બેન્ચની માંગને ટેકો

અંકલેશ્વરઃ દક્ષિણ ગુજરાતમાં ગુજરાત હાઇકોર્ટની બેન્ચ સ્થાપવાની વર્ષો જૂની માંગને અંકલેશ્વર તાલુકા વકીલમંડળે સમર્થન જાહેર કરી સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો છે. માંગણી અંગે આગામી દિવસોમાં સરકાર સહિતના સંબંધિત સત્તાધીશોને ઠરાવની નકલ મોકલવામાં આવશે. માંગ સંતોષવામાં નહીં આવે તો આંદોલન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે. અંકલેશ્વર તાલુકા વકીલમંડળના પ્રમુખ કમલેશ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં દક્ષિણ ગુજરાતમાં ગુજરાત હાઇકોર્ટની બેન્ચ સ્થાપવાની માંગ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં વકીલ મંડળના સભ્યોએ માંગને યોગ્ય ગણાવી તેને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું અને સર્વાનુમતે ઠરાવ પસાર કર્યો હતો.

ઈલ્યાસ શેખ

ટ્રકમાં કંતાનના કોથળાની આડમાં દારૂની હેરાફેરી

સુરત ગ્રામ્ય પોલીસે દિગસ પાસે રૂ.૫૯.૩૯ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

પલસાણાઃ સુરત એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમે કામરેજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા દિગસ ગામે નેશનલ એક્સપ્રેસ વે નં.૪ પરથી એક ટ્રકમાંથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ રૂ.૫૯,૩૯,૯૦૨નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલકની ધરપકડ કરી હતી.

પોલીસે એના ગામથી વડોદરા તરફ જતા એક્સપ્રેસ વે પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન સંઘ પ્રદેશ સેલવાસથી આવતી એક બંધ બોડીની અશોક લેલેન્ડ ટ્રક નં.(GJ-36-T-9965) ને ઓવરટેક કરી અટકાવીને તપાસ કરવામાં આવી હતી. ટ્રકના ડાલામાં વેસ્ટેજ કંતાનના કોથળાઓની આડમાં સંતાડીને લઈ જવાતો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ દારૂ સેલવાસથી જૂનાગઢ તરફ લઈ જવામાં આવી રહ્યો હતો.

પોલીસે ટ્રકમાંથી ૧૪,૮૩૨ જેટલી વિદેશી દારૂની વ્હીસ્કીની નાની-મોટી બોટલો જપ્ત કરી છે, જેની કિં.રૂ.૪૯,૧૨,૭૫૨ રૂપિયા થાય છે. ઉપરાંત ૧૦ લાખ રૂપિયાની ટ્રક, ૫ હજારની કિંમતનો મોબાઈલ, રોકડા રૂપિયા ૧૯૦૦ અને અન્ય સામગ્રી મળી કુલ ૫૯,૩૯,૯૦૨ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ મામલે ટ્રક ચાલક મેરૂભાઈ ઉર્ફે રામદેવ ઓઘડભાઈ ખુંટીની ધરપકડ કરવામાં આવી છે, જેનો અગાઉ પણ ગુનાહિત ઈતિહાસ રહ્યો છે. જ્યારે દારૂ ભરાવનાર તથા કારમાં પાઈલોટિંગ કરનાર અજાણ્યા ઈસમ અને જૂનાગઢ-પોરબંદર હાઈવે પર દારૂ મંગાવનાર કરસન મોઢવાડીયાને વોન્ટેડ જાહેર કરાયા છે.

અંકલેશ્વર ત્રણ રસ્તા સર્કલ પર કાયમી લારીઓ હટાવવા માંગ

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગરપાલિકાના વોર્ડ નં.૮ના વિપક્ષના નગરસેવક જહાંગીર પઠાણે ત્રણ રસ્તા સર્કલ નજીક ગેરકાયદે રીતે કાયમી ધોરણે ઊભી રહેતી લારીઓ હટાવવા તેમજ સ્થાનિક નાના ખેડૂતો અને પથારાવાળાઓને વ્યવસાય માટે યોગ્ય સંરક્ષણ આપવા નગરપાલિકાના મુખ્ય અધિકારીને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ત્રણ રસ્તા સર્કલ ખાતે બહારના વિસ્તારો તેમજ ભરૂચ તરફથી આવતી ૧૫થી ૨૦ જેટલી લારીઓ આખો દિવસ કાયમી ધોરણે ઊભી રહેતી હોવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જેથી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

વ્યારામાં મેટાસ શાળાના વિદ્યાર્થીઓની રેલી

વ્યારાઃ વ્યારાના ટીચકપુરાની મેટાસ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વ્યારા નગરમાં નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત એક જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રેલી દરમિયાન વિદ્યાર્થીઓએ હાથમાં નશામુક્તિ માટે જાગૃતિ લાવવા માટે નશાવિરોધી સૂત્રો લખેલા પ્લેકાર્ડ્સ અને બેનરો સાથે તેમજ નશામુક્તિ માટે સૂત્રોચ્ચાર કરી વ્યારા શહેરના મુખ્ય માર્ગો પર ભ્રમણ કરી નાગરિકોને વ્યસનોથી દૂર રહેવા અપીલ કરી હતી.

બુહારીમાં કેબિન હટાવવાના મામલે હાઈકોર્ટ દ્વારા ઐતિહાસિક ચુકાદો અપાયો

બુહારીમાં ગરીબ મહિલાની કેબિનને ફરી તેજ જગ્યાએ મૂકવા હાઈકોર્ટનો આદેશ

કેબિન દૂર કરનારા અધિકારીઓ વધુ ભેરવાયા

હાઈકોર્ટે સંબંધિત અધિકારીઓને કેબિન મૂકી દીધાના પુરાવા સાથે હાજર રહેવા પણ કડક આદેશ કર્યો

બુહારીઃ ગરીબ અને વિધવા મહિલા પાર્વતીબેન પરમારની રોજીરોટીનો આધાર બનેલી કેબિનને દૂર કરવામાં આવી હોવાના મામલે આજે ગુજરાત હાઇકોર્ટમાં ઐતિહાસિક નિર્ણય આવ્યો છે.

હાઇકોર્ટ દ્વારા સંબંધિત અધિકારીઓને પાર્વતીબેનની એ જ કેબિન ફરીથી એ જ જગ્યાએ મૂકવાની કાર્યવાહી કરવા તથા સંબંધિત અધિકારીઓને કેબિન મૂકી દીધીના પુરાવા સાથે કોર્ટ સમક્ષ વ્યક્તિગત રીતે હાજર રહેવા અંગેના મહત્વપૂર્ણ આદેશો આપવામાં આવ્યા છે.

આ નિર્ણય માત્ર એક ગરીબ પરિવાર માટે રાહત નથી, પરંતુ ગરીબ, વિધવા મહિલા અને સામાન્ય નાગરિકના હક માટેની કાયદેસરની લડતને મળેલો મહત્વપૂર્ણ વિજય છે.

બુહારી માટે સુવર્ણ દિવસ તરીકે આ દિવસ લેખાશે

આજે બુહારી માટેનો દિવસ સુવર્ણ અક્ષરે લખાય એવો દિવસ છે. કારણ કે આ લડાઈ કોઈ વ્યક્તિગત સ્વાર્થ માટે નહોતી – એક ગરીબ પરિવારની રોજીરોટી અને ન્યાય માટે હતી. પાર્વતીબેન પરમારના પુત્ર અને પિટિશનર મુકેશભાઈ પરમાર સાથે બુહારીના અગ્રણી સત્યજીતભાઈ દેસાઈ તથા બુહારીના ઉપસરપંચ સુરજભાઈ દેસાઈ સતત ગુજરાત હાઇકોર્ટ સુધી ઉપસ્થિત રહ્યા અને ગરીબ પરિવારને ન્યાય મળે તે માટે સતત પ્રયત્નશીલ રહ્યા.

ધારદાર કાયદાકીય રજૂઆતનો મહત્વપૂર્ણ ફાળો

આ સમગ્ર મામલે ગુજરાત હાઇકોર્ટના વિદ્વાન એડવોકેટ દ્વારા કરવામાં આવેલી અસરકારક અને ધારદાર કાયદાકીય રજૂઆતો તથા સતત કાયદાકીય લડતના પરિણામે આજે આ મહત્વપૂર્ણ રાહતનો માર્ગ ખુલ્યો છે. આ કેસ માત્ર કેબિનનો કેસ નથી. આ ગરીબની રોજીરોટીનો કેસ છે. આ વિધવા મહિલાના અધિકારનો કેસ છે. આ સામાન્ય નાગરિકના સ્વાભિમાનનો કેસ છે. અને આ કાયદાની સર્વોચ્ચતા જળવાઈ રહે તેની લડાઈ છે.

રાજકીય દબાણ અને વહીવટી તંત્ર સામે કાયદાનો વિજયઃ સુરજ દેસાઈ

બુહારીના ઉપસરપંચ સુરજ દેસાઈએ જણાવ્યું હતું કે, પાર્વતીબેનની કેબિન એક રાજકીય નેતાના ઇશારે અને રાજકીય અહંકારના કારણે દૂર કરવામાં આવી હોવાના આક્ષેપો વચ્ચે, સમગ્ર મામલો ગુજરાત હાઇકોર્ટ સુધી પહોંચ્યો હતો. આજે હાઇકોર્ટના આદેશ બાદ સ્પષ્ટ સંદેશ ગયો છે કે સત્તા, રાજકીય પ્રભાવ કે વહીવટી તંત્રની શક્તિ કરતાં કાયદો અને ન્યાય સર્વોપરી છે. આ ચુકાદો કોઈ વ્યક્તિ સામેની જીત તરીકે નહીં, પરંતુ ન્યાયની જીત તરીકે જોવો જોઈએ. બુહારીની ધરતી પર આજે ગરીબ પરિવારના ન્યાયની જીત થઈ છે. આજનો દિવસ ખરેખર બુહારી માટે સુવર્ણ દિવસ છે.